ગુજરાતમિત્ર ભવિષ્ય દર્પણ

# જો મિલ ગયા ઉસી કો મુકદ્દર સમજ લિયા, જો ખો ગયા ઉસે મૈં ભૂલાતા ચલા ગયા
# મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા, હર ફિક્કો ધૂએં મેં ઉડાતા ચલા ગયા

## કર્ક (ડ.હ.)



### માનસિક સ્થિતિ :

**મિત્રો,**

**આ વરસના આપના ગ્રહમાન આપની માનસિક પરિસ્થિતિને એકસો એંસી ડીગ્રી પર ફેરવી શકે છે. અર્થાત આજે આપની જે માનસિક સ્થિતિ હોય તેના કરતા બરાબર સામેના છેડેની સ્થિતિ પર આવી જાવ. જરા વિસ્તારથી ચર્ચા કરી એ તો તમે માનસિક રીતે એકદમ મજબૂત સ્ટ્રોંગ હોવ તો તમે એકદમ ઢીલા થઇ જાવ. અને જો તમે ઢીલા હોવ તો સ્ટોંગ-મજબૂત થઇ જાવ. તમને પોતાને એમ લાગે કે તમે સીધી લાઇન પર છો. પરંતુ લોકોને એવું લાગે કે આમાં કંઇક ગરબડ છે.**

**હવે આવું બને કેવી રીતે તે પણ સમજી લો. નવા વરસ દરમ્યાન આપના ગ્રહમાન એવા છે કે તમારા બધા કામો તમારી ઇચ્છા પ્રમાણે કે તમારી અનુકૂળતા પ્રમાણે થાય નહીં. તમે ગમે એટલા પ્રયત્નો કરો છતાં સો ટકા સંતોષકારક કામ થશે જ એ વાત ભૂલી જવાની. હવે આવું થાય એટલે આપણે ધીમે ધીમે દરેક કામમાં બાંધછોડ કરવી પડે, સમાધાન કરવું પડે અને તમારા સ્વભાવ વિરુધ્ધ એડજસ્ટમેન્ટ અને કોમ્પ્રોમાઇઝ કરવું પડે. હવે તમારો સ્વભાવ ગમે એટલો મજબૂત કે સ્ટ્રોંગ હોય તો પણ તમારું કામ થાય નહીં કે બગડે નહીં એટલા માટે આપણે એડજસ્ટમેન્ટ કરતા જ રહેવું પડે અને આમ તમે ધીમે ધીમે સમયની સાથે ઢીલા થતા જાવ. જો આમ નહીં કરો અને તમારા કામ પણ નહીં થાય તો તમે નિરાશામાં અને ડિપ્રેશનમાં ઉતરી પડશો. ડિપ્રેશનમાં રહેવા કરતા ઢીલા થઇ જવું સારું!**

**હવે જો તમે માનસિક રીતે ઢીલા હશો તો તો આ વરસના ગ્રહમાન એવા છે કે તમને તમારા કામમાં સફળતા મેળવવા માટે અતિશય પ્રયત્નો કરવા પડે. કામમાં ઘણી અડચણો અને ઘણાં વિઘ્નો આવે. આ સંજોગોમાં કોઇ માણસને તરતાં નહીં આવડતું હોય એ માણસને દરિયાની વચમાં કે નદીમાં રેલ આવી હોય એની વચમાં નાંખી દેવામાં આવે તો એ જીવ બચાવવા માટે હાથ પગ મારીને મરણિયો થઇને કિનારે પહોંચવાનો પ્રયત્ન કરશે. વ્યકિતગત રીતે ઓરિજીનલી એ માણસ ઢીલો છે પરંતુ સંજોગો જ એવા ઊભા થાય કે એણે મજબૂત સ્ટ્રોંગ થઇ જવું પડે. તો જ એ કંઇક સફળતા મેળવી શકે. અને સંતોષકારક રીતે જીવી શકે.**

**હવે અહીંથી તમારી વારતા શરૂ થાય છે.**

**મિત્રો, તમારે તમારો સ્વભાવ એકસો એંસી ડીગ્રી સુધી બદલવો પડે તો મગજમાં કોઇપણ જાતની ગરમી રાખ્યા વગર બદલી નાંખવાનો છે. તોજ તમે શાંતિથી જીવી શકશો. જિંદગીમાં આ વરસમાં તમને જે મળે અને જેટલું મળે, એજ તમારું મુકદ્દર છે એમ માનીને સ્વીકારી લેવું અને જે નહીં મળે તેનો અફસોસ કર્યા વગર તરત જ એ વાતને ભૂલી જવી. તો જ તમે શાંતિથી જીવી શકશો. આજ રીતે તમારે તમારા સ્વભાવમાં પરિવર્તન કરીને જે એડજસ્ટમેન્ટ કરવા પડે તે કરી લેવા અને એ રીતે જિંદગીને સાથ આપતા રહેવું. ઓછી સફળતા કે નિષ્ફળતાની ફિકર ચિંતા કરવાથી કે - નિરાશા ડિપ્રેશનમાં રહેવાથી કોઇ સુખી થયું નથી ને થવાનું નથી. માટે આ બધી ફિકર ચિંતાને મગજના ધૂમાડા સાથે હવામાં ઉડાવતા રહેવું.**

**પછી શિષ્યએ પૂછયું : હે ગુરૂજી માણસનો સ્વભાવ બદલવો એ લગભગ અશકય જેવી વાત છે. તો પછી એડજસ્ટમેન્ટ કરવા કેવી રીતે?**

**ગુરુજીએ કહ્યું : - ઓ ગધેડા, માણસને બીજું કોઇ દુઃખી કરતું નથી પણ પોતાનો સ્વભાવ જ દુઃખી કરે છે. સ્વભાવ બદલો, એડજસ્ટમેન્ટ કરો, પ્રેકટીકલ થઇ જાવ એટલે સુખ જ સુખ અને આનંદ જ આનંદ છે!**

### આર્થિક - નાણાંકિય

આ વરસમાં આપની નાણાંકિય બાબત અંગે ખાસ કંઇ ચિંતા કરવા જેવું નથી. તેમજ બહુ ખુશ થવા જેવું પણ નથી. **વરસ દરમ્યાન બને એવું કે આપની આવકની સ્થિરતા બહુ ઓછી રહેશે.** અર્થાત અમૂક દિવસો સારા જાય તો વળી પાછા કેટલાક દિવસોમાં આવક ઓછી થાય. જેમને નોકરીમાંથી ફિક્ષ્ડ પગારની આવક હોય અથવા જેમણે પોતાની બચતમાંથી ફિક્ષ્ડ આવકની વ્યવસ્થા કરી હોય એમને એવું બને કે **કેટલાક બિનજરૂરી અને ખોટા ખરચાઓ આવ્યા કરે એટલે તમારું બજેટ ખોરવાય જાય અને આવક વધારવા માટેના પ્રયત્નો કરવા પડે.** જો કે એમાં પણ સફળતા ઓછી મળે વરસ દરમ્યાન જો કોઇ આકસ્મિક લાભ થાય તો તે પહેલા જ ખરચાનું આયોજન થઇ ગયું હોય એવું બને. છતાં આપના ખરચા પાણી નીકળી જશે. થોડી કરકસરની ટેવ પાડવી પડે.

### ધંધો - વ્યવસાય નોકરી

આપના કામકાજ ધંધાને માટે પણ આ વરસનો સમય મધ્યમ છે. **ચાલુ કામકાજમાં મહેનત વધારે કરવી પડે તેની સામે વળતર ઓછું મળે. કામકાજ ધંધામાં કેટલીક અડચણો આવે. વિઘ્નો આવે એટલે આપની જે પ્રગતિ થવી જોઇએ એમાં રૂકાવટ થતી હોય એવું લાગે.** બધું જયારે સમુ સુતરૂ ચાલતું હોય ત્યારે મશીનરીમાં પ્રોબ્લેમ આવે, કારીગરોના પ્રોબ્લેમ આવે એટલે આપણે હતા ત્યાંના ત્યાં! વરસમાં અમૂક સમય આપને એવું લાગે કે આપનો ધંધો ખૂબ સારો ચાલે છે. **ત્યારે આપની ઉઘરાણી ફસાય જાય આપના લેવાના બાકી પૈસા આવે નહીં. તમારા પૈસા લોકો વાપર્યા કરે અને તમારે ધંધો કરવા માટે દેવું કરવું પડે. સાથે સાથે ખોટા ખરચાઓ પણ આવે. ભાગીદારીમાં ધંધો હોય તો ભાગીદારી છૂટી થાય.**

નોકરીવાળાને પણ આ વરસનો સમય મધ્યમ છે. **મગજ પર બરફ અને દિલ પર પથ્થર રાખીને કામ કર્યા કરવું.** તમારા સ્ટાફનો સહકાર નહીં મળે. નોકરીમાં વિઘ્ન સંતોષી માણસો મળશે. પ્રમોશનમાં વિલંબ થાય. **પ્રમોશન આવે તો ટેન્શન સાથે લઇને આવે.** નોકરીમાં આપના પર ખોટા આક્ષેપો આવવાની શકયતા છે પરંતુ નોકરી છોડવી નહીં. નોકરીમાં સ્થળાંતર થઇ શકે.

### જમીન મકાન- પ્રોપર્ટીઃ

જમીન મકાન પ્રોપર્ટીની બાબતમાં આ વરસમાં જે આપની પાસે છે તે સાચવીને બેસી રહેવામાં જ મઝા છે. જો આપને કોઇ નવી પ્રોપર્ટીમાં રોકાણ કરવાની ઇચ્છા હોય તો આપની પાસે પૂરેપૂરા પૈસાની સગવડ હોય તો કામ કરવું. **આ વરસમાં દેવું કરીને રોકાણ કરવું બહુ સલાહભરેલું નથી.** આપનું રોકાણ બજેટની બહાર જતું રહે અને લાંબા થઇ જવાય એવું લાગે છે. કોઇ જુની પ્રોપર્ટી વેચવાની હોય તેમા પણ વિલંબ થાય. બાપદાદાની મિલ્કતમાંથી કંઇ મળવાનું હોય તો તેમાં થોડી અન્યાય થવાની શકયતા છે.

### લગ્ન અને દાંમ્પત્યજીવનઃ

ઘણા લાંબા સમયથી તમારા ઘરવાળા તમારા લગ્નની રાહ જોતા હોય તો આ વરસમાં એમની ઇચ્છા પૂરી થાય. પરંતુ **લગ્નની બાબતમાં તમારે થોડી બાંધછોડ, થોડું સમાધાન કરવું પડે અને એકવાર નકકી થયા પછી તમારા નિર્ણયમાં ફેરફાર નહીં થવો જોઇએ તેનું ધ્યાન રાખવું.**

દાંમ્પત્ય જીવનની બાબતમાં આ વરસમાં થોડું ટેન્શન થઇ શકે. લગ્ન જીવનમાં વરસના ઉત્તરાર્ધમાં સાધારણ મતભેદ રહેવાની શકયતા છે. એવું નહીં થાય તો તમારા પાર્ટનરની તબિયત અંગે તમને ટેન્શન થાય. જેમના વ્યકિતગત ગ્રહો વધારે ખરાબ હશે તેમણે એક બીજાથી અલગ રહેવું પડે એવું બને પછી એમાં કારણ ગમે તે હોય. **હવે તમે તમારા પાર્ટનરને ગમે એટલો પ્રેમ કરતા હોવ તો પણ એ એવી ફરિયાદ કરે કે તમને એના માટે બિલકૂલ પ્રેમ જ નથી! તો આ સવાલનો જવાબ તમારે તૈયાર જ રાખવો. ખોટો તો ખોટો પણ તરત જ જવાબ આપી દેવાનો, સમજયાં!**

### સંતાન

સંતાનની બાબતમાં આ વરસમાં આપના ગ્રહમાન મધ્યમ છે. જેમને સંતાન પ્રાપ્તિની ઇચ્છા હોય તેમને આ કામમાં વિલંબ થાય. જેમના સંતાનો મોટા છે એમને સંતાનોના ટેન્શન માટે ટેન્શન રહેશે. **વરસ દરમ્યાન સંતાનોની કેટલીક તકલીફ કે ગૂંચવાડામાં તમારે સપોર્ટ કરવો પડે.** એમને મદદ કરવી પડે. કયારેક આકસ્મિક દોડાદોડી કરવી પડે એવું પણ બને. **જો કે સંતાનો તરફથી કોઇ સારા સમાચાર પણ મળે.**

### અભ્યાસ

વિદ્યાર્થી મિત્રો, અભ્યાસની બાબતમાં આ વરસમાં તમારે વધારે ધ્યાન આપવાની જરૂર છે. આપને જરાપણ ઓવર કોન્ફીડન્સમાં રહેવાનું પરવડે એવું નથી. આખા વરસ દરમ્યાન દરેક બાબતમાં દરેક વિષયમાં એકદમ સાવધાનીપૂર્વક પ્રયત્નો કરવા પડશે. **જો આમા સહેજ પણ કસર રહી જાય તો કોઇ ગરબડ થઇ શકે.** બારમાં ધોરણ પછી કે ગ્રેજયુએશન પછી આગળના અભ્યાસમાં કે એડમિશન માટે પણ ટેન્શન થઇ શકે.

### પ્રવાસઃ

નવ વરસમાં પ્રવાસ અને મુસાફરી માટે ગ્રહમાન સારા છે એમ કહેવા કરતા ખરચા કરવાના યોગ સારા છે એમ કહી શકાય. વરસમાં બે પૂર્વ આયોજીત પ્રવાસ થાય એક આકસ્મિક પ્રવાસ થાય એક ધાર્મિક પ્રવાસ થાય. **સગા સંબંધી સાથે પ્રવાસ કરવામાં રસ્તામાં જ ઝઘડા થાય. આપના વ્યકિતગત ગ્રહો સારા હોય તો પરદેશની મુસાફરી થાય.**

### મિત્રશત્રુઃ

મિત્રોની બાબતમાં નવા  વરસમાં એવું બને કે આપના કેટલાક જુના અને વર્તમાનમાં નજીકના સંબંધો હોય એવા મિત્રો માંથી થોડા ઓછા થાય. **હવે કેવી રીતે ઓછા થાય અથવા કયા કારણથી ઓછા થાય એ અત્યારે રહસ્ય જ રહેવા દઇએ. તમારા ગુપ્ત શત્રુઓ વધે, આ શત્રુઓ ગુપ્ત હોય એટલે કેટલા વધ્યા તે ખબર નહીં પડે!**

### કોર્ટ - કચેરી

નવા વરસમાં કોઇપણ સરકારી ડિપાર્ટમેન્ટ તરફથી આપને પરેશાની થઇ શકે. આ પરેશાની ત્યારે જ થાય જયારે તમે જાતે જ કોઇ ગરબડ કરી હોય. ઇન્કમટેક્ષ એકઝાઇઝ ડિપાર્ટમેન્ટ જો તમને કામકાજ ધંધામાં લાગતું હોય તો જેમના તરફથી ટેન્શન થઇ શકે. **તમે કોઇ લોચા માર્યા હોય તો પોલિસવાળા તમને મળવા આવે.** કોર્ટ કચેરીમાં કોઇ કેસ ચાલુ હોય તો તે પૂરો થવામાં વિલંબ થાય.

**ટૂંકમાં આવા બધા જ ડિપાર્ટમેન્ટ તરફથી દૂર રહેવું. રસ્તામાં એમની ઓફિસ કે પોલિસ સ્ટેશન આવતું હોય તો રસ્તો બદલી નાંખવો.**

### તંદુરસ્તી

તબિયતની બાબતમાં તમને નાની  એક બે તકલીફ તો ચાલતી જ હશે. બીજી એકાદ ટેમ્પરરી ધોરણે વધે. ડાયાબિટીસ કે બ્લડ પ્રેશરની તકલીફ હોય તો વધે અને નહીં હોય તો ચાલુ થાય. ડાબા પગની કે ડાબી આંખની કોઇ તકલીફ ને લીધે થોડા દિવસ પરેશાની રહેશે. તમારા નજીકના કોઇ સંબંધી કે નજીકના મિત્રનો આકસ્મિક વિયોગ થાય.